# ઝુંડાલ કેનાલમાંથી યુવાનનો બિનવારસી મૃતદેહ મળ્યો

**મૃતકના ખિસ્સામાંથી મળેલું સીમકાર્ડ જુનાગઢની વ્યકિતનું નીકળ્યું : તેણે બે વર્ષથી આ કાર્ડ બંધ કરી નાંખ્યુ હોવાનું ધ્યાને આવ્યું**

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર નજીકની ઝુંડાલ નર્મદા કેનાલમાંથી અડાલજ પોલીસને આશરે ૨૫ થી ૩૦ વર્ષના યુવાનનો બિનવારસી હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. તેની ઓળખ થઈ શકી નથી પરંતુ એક સિમ કાર્ડ તેના ખિસ્સામાંથી મળ્યું છે. જેને આધારે તપાસ કરતાં આ કાર્ડ જુનાગઢની એક પાર્ટીનું હોવાનું અને તેણે બે વર્ષથી કાર્ડ બંધ કરી દીધું હોવાનું ધ્યાને આવ્યું છે. અડાલજ પોલીસે મૃતદેહ પીએમ કરાવી ઓળખ માટે તથા મૃત્યુનું કારણ બહાર લાવવા માટે તજવીજ શરુ કરી છે.

ઝુંડાલ કેનાલમાંથી સોમવારે મોડી સાંજે આશરે ૨૫ થી ૩૦ વર્ષના યુવાનનો મૃતદેહ મળી આવતા અડાલજ પોલીસ મથકનાં જમાદાર ભીખાભાઈએ મૃતદેહ બહાર કઢાવી તપાસ શરુ કરી હતી. મૃતક પાસેથી તેની ઓળખ થાય તેવા કોઈ જ પુરાવા મળી આવ્યા નથી. જો કે એક સીમ કાર્ડ મળ્યું છે જે આધારે પોલીસે તપાસ શરુ કરતાં જુનાગઢની એક વ્યકિતનું કાર્ડ હોવાનુ ધ્યાને આવ્યું છે ત્યાં સંપર્ક કરતા તે વ્યકિત એ આ નંબરનું કાર્ડ બે વર્ષથી બંધ કરાવી દીધું હોવાનું જાણવા મળ્યું છે. મૃતકના શરીરે બ્લેક શર્ટ અને ખાખી પેન્ટ છે. હાલ પીએમ કરાયેલો મૃતદેહ અમદાવાદ સિવિલમાં કોલ્ડ રૂમમાં મુકી અડાલજ પોલીસે ઉંડી તપાસ આરંભી છે.

# છાલા જવાનજી ઠાકોર પરાના રહિશો પાણીના ટીપા માટે ટળવળી રહ્યા છે

**પંચાયત પાસે પાણીની લાઈન નાખવા માટે ગ્રાન્ટ નથી : નર્મદાની પાઈપ લાઈનમાંથી પાણી આપવા માટે મંજૂરી નથી : આગ ઓકતી ગરમીમાં પશુઓ-માનવીઓ બે કિલોમીટર દૂરથી માથે પાણી લાવે છે**

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લાના છાલા ગામમાં જવાનજી ઠાકોર પરાના રહિશો પાણી વિના ટળવળી રહ્યા છે. ગ્રામ પંચાયત દ્વારા આ વિસ્તારના રહિશો માટે કોઈ જ વ્યવસ્થા કરવામાં આવતી નથી. વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે નર્મદા કેનાલની મેઈન પાઈપલાઈનમાંથી પાણી આપવા માટે તાલુકા પંચાયત પ્રમુખ, દક્ષિણના ધારાસભ્ય સહિતને લેખિત રજૂઆત કરવામાં આવી છે. છતાં પણ ઉનાળઅની ગરમીમાં પાણી પુરૂ પાડી શક્યા નથી.

ગાંધીનગર જિલ્લાના છાલાથી કાનપુર ગામ તરફ જવાના રોડ ઉપર જવાનજી ઠાકોરનું પરૂ આવેલ છે. આ પરામાં ૧૦થી વધુ પરિવારો વસવાટ કરે છે. શરૂઆતના સમયમાં આ રહિશો આજુબાજુના ખેતરોમાં આવેલ બોરકુવા ઉપરથી પાણીની વ્યવસ્થા કરતા હતા. પરંતુ અંગ દઝાડતી ગરમીમાં બોર કુવાવાળાઓએ પાણી આપવાની ના પાડતા આ રહિશો કફોડી હાલતમાં મુકાયા છે. છાલા ગ્રામ પંચાયતમાં જવાનજી ઠાકોર પરાના રહિશોએ પાણીની પાઈપલાઈન નાખી આપવાની રજૂઆત કરતા પંચાયતે હાથ અધ્ધર કરી દીધા છે અને એક કિલોમિટર જેટલી પાણીની પાઈપલાઈન નાખવા માટે ગ્રાન્ટ નથી તેમ રોકડુ પરખાવી દીધુ હતુ. ત્યારે રહિશોએ વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે વ્યવસ્થા કરવા પણ જણાવ્યુ હતુ.

છાલા ગામથી કાનપુર રોડ ઉપર નર્મદા કેનાલની મેઈન પાણીની પાઈપલાઈન નાખવામાં આવેલી છે. જેમાંથી ગ્રાન્ટ ન આવે ત્યા સુધી પાણી આપવા રજૂઆત દક્ષિણના ધારાસભ્ય શંભુજી ઠાકોર સમક્ષ પણ રજુઆત કરવામાં આવી છે. ધારાસભ્યએ પણ ઉડાઉ જવાબ આપતા રહિશોની આશા ઉપર પાણી વિના પાણી ફરી વળ્યુ છે.

પાણી વિના ટળવળતા રહિશોએ નર્મદા કેનાલની પાણીની લાઈનમાંથી પાણી આપવા માટે સેકટર-૩૦ સ્થિત નાયબ કાર્યપાલક ઈજનેર પાસે પણ રજૂઆત કરી છે. ઈજનેરે જણાવ્યુ હતુ કે આ માટેની મંજુરી સચિવાલયમાંથી લેવી પડે છે. અને તેની ફાઈલ મોકલાવી દીધી છે. ફાઈલ આવશે ત્યારે પાણી મળશે. જવાનજી ઠાકોર પરાના ૧૦૦ જેટલા રહિશો અને ૫૦થી વધુ પશુઓ પાણી વિના ટળવળી રહ્યા છે. રહિશોએ પાણી માટે તમામ રજૂઆતો કરી છે પરંતુ નિરાકરણ આવતુ નથી.

સરકાર દ્વારા પશુપાલકો માટે પશુ મેળા, કૃષિમેળા આત્મ નિર્ભર બનાવવા માટે યોજવામાં આવે છે પરંતુ સિક્કાની બીજી બાજુ સાવ અલગ છે. ઉનાળો આગ વરસાવે છે. ત્યારે આ રહિશોને એક કિલોમિટર દૂર ગામડામાંથી માથે બેડા ભરીને પાણી લાવવું પડે છે.

ઘરના બે સભ્યો દિવસ દરમિયાન માનવી અને પશુઓ માટે પાણી લાવવાનું કાર્ય કરે છે. પરાના રહિશોને નર્મદા કેનાલમાંથી પાણી ન મળે તો ટેન્કરો મારફતે પાણી પહોંચાડવા પણ રજૂઆતો કરવામાં આવી છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૭
સૂર્યાસ્ત : ૭.૧૮

## તાપમાન

મહત્તમ : ૪૨.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૮.૮ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

**સવારે ૬૩ ટકા ● સાંજે ૨૯ ટકા**

## મનોરંજન

### સિનેમેક્સ

**સ્ક્રીન-૧ :**
બોમ્બે વેલ્વેટ : ૯.૨૦, ૧૨.૩૦, ૩.૪૦, ૬.૫૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૨ :**
બોમ્બે વેલ્વેટ : ૧૧.૩૦, ૫.૫૦, ૧૦.૦૦
બે યાર : ૨.૪૦

**સ્ક્રીન-૩ :**
પીકુ : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪ :**
ગબ્બર ઈઝ બેક : ૧૦.૪૫, ૧.૩૫, ૪.૨૫, ૧૦.૨૦
એવેન્જર્સ : એજ ઓફ અલ્ટ્રોન : ૯.૦૦

### સિટીપલ્સ

**સ્ક્રીન-૧ :**
બોમ્બે વેલ્વેટ : ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૨ :**
બોમ્બે વેલ્વેટ : ૧૨.૩૦
પીકુ : ૧૦.૦૦, ૩.૧૫, ૧૦.૧૫, ૪.૪૫.

**સ્ક્રીન-૩ :**
મેડ મેક્સ (ઈંગ્લીશ) ૨.૪૫, ૭.૪૫
મેડ મેક્સ (હિન્દી) ૧૨.૪૫, ૫.૧૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૪ :**
જો બકા : ૧૦.૦૦
ગબ્બર ઈસ બેક : ૭.૦૦
પીકુ : ૧૨.૪૫

**સ્ક્રીન-૫ :**
બોમ્બે વેલ્વેટ : ૧૦.૦૦
પીકુ : ૬.૪૫
ગબ્બર ઈસ બેક : ૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦

## આપની આજ

**મેષ** : મનોરંજન, ઉત્સવ આમોદ-પ્રમોદ સંબંધી કાર્ય થશે. કુટુંબીજનો સાથે ભાગ્યવર્ધક સંભવિત યાત્રા-પ્રવાસ થઈ શકે છે. નોકરીમાં બદલી-બઢતી થઈ શકે છે.

**વૃષભ** : કળાત્મક કાર્યોમાં વિશેષ ચિંતનનો યોગ. કોઈ અટકેલું કાર્ય પૂર્ણ થવાથી આનંદ થશે. માનસિક શાંતિ જાળવી રાખવી હિતાવહ છે. વ્યાપાર-વ્યવસાય મધ્યમ રહેશે.

**મિથુન** : આવકના સાધનોથી લાભ પ્રાપ્તિ થશે, લોકપ્રિયતામાં વૃદ્ધિના કાર્ય થશે. કોઈ ચિંતાથી મુક્તિ મળશે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સંચિત ધન વૃદ્ધિના ઉત્તમ ગુપ્ત કાર્યોમાં રુચિ વધશે.

**કર્ક** : કર્મક્ષેત્રમાં વિશિષ્ટ, મહત્વપૂર્ણ કાર્યોમાં સમય પસાર થશે. વ્યાપાર- વ્યવસાયમાં સારો અને લાભદાયી રહેશે. નકારાત્મક વિચારોથી દુર રહેવું. ખાનપાનમાં ગડબડીથી પેટમાં તકલીફ થઈ શકે છે. નવા સંબંધ લાભદાયક રહેશે.

**સિંહ** : વાહન ધ્યાનથી ચલાવો. માતૃપક્ષ તરફથી આર્થિક ક્ષેત્રમાં મદદ વગેરેનો યોગ. તમારા કાર્યોથી પ્રશંસા થશે. આવક-જાવકમાં સંતોલન રહેશે. માનસિક અસ્થિરતા દૂર કરી અને કાર્ય સમય પર પૂર્ણ કરવાનો પ્રયત્ન કરો.

**કન્યા** : સમાજમાં માન, પદ-પ્રતિષ્ઠા, સંબંધી કાર્યોમાં લોકપ્રિયતામાં વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. સાવચેતી રાખવી. વ્યવસાયિક લાભ અને સુખસમૃદ્ધિ વધશે.

**તુલા** : ભાગીદારીમાં પરિવર્તન વગેરેથી વિશેષ લાભ પ્રાપ્ત થશે. વ્યાપારમાં ભાગીદારીથી લાભ. કુટુંબમાં માંગલિક કાર્યો થઈ શકે છે. રોગ, શત્રુ વિવાદ વગેરેમાં ખર્ચ થશે.

**વૃશ્ચિક** : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. આવકના સ્રોતથી વિશેષ લાભ થવાની સંભાવના છે. જળ વિભાગોથી ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**ધન** : કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો પણ ઉકેલ થશે. જીવનમાં નિરાશાનો આભાસ થઈ શકે છે.

**મકર** : માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવના છે. નોકરીમાં સ્થિતિ મજબૂત રહેશે. વેપાર સારો ચાલશે. પ્રયત્નોનું ફળ પ્રાપ્ત થઈ શકશે.

**કુંભ** : પ્રેમ સંબંધમાં સફળતા મળી શકે છે. આજે કુંટબના સભ્યોને લઈને માંગલિક કાર્યની રૂપરેખા બનશે. દૈનિક વેપારમાં ભાગીદારી પરિવર્તન સંબંધી કાર્ય થઈ શકે છે.

**મીન** : આવકના સાધનોમાં વિસ્તાર માટે ભાગ્યવર્ધક યાત્રાઓનો યોગ. કર્મક્ષેત્રમાં વિશેષ કલાત્મક કાર્યો થઈ શકશે. વિશેષ ખર્ચ થવાની સંભાવના છે.

## ચિરવિદાય

- સ્વ. ગુણવંતભાઈ ધૂળાભાઈ પટેલ (ઉ.વ.૭૬) પ્લોટ નં. ૯૯, સેકટર-૧૯, ગાંધીનગર

# આધાર વગરના વાંધા કાઢી નાગરિકોને આધાર કાર્ડથી વંચિત રાખવામાં આવે છે

**શહેર વસાહત મહામંડળે કલેક્ટરને પત્ર લખી ફરિયાદ કરી : એજન્સીવાળા પોતાની મનમાની કરી સિનિયર વડીલોને કનડગત કરે છે : પાસપોર્ટ માટે ફિંગર પ્રિન્ટ આવે છે, આધારકાર્ડમાં નથી આવતી**

ગાંધીનગર, તા. ૨૦

સમગ્ર દેશમાં એક જ ઓળખાણ માટે આધારકાર્ડ દ્વારા નોંધણી કરવામાં આવી રહી છે. આધારકાર્ડને જનજનનો આધાર કહેવામાં આવે છે. પરંતુ ગાંધીનગરના વરિષ્ઠ નાગરિકોને પોતાનો આધાર મેળવવા ફાફા પડી રહ્યા છે. આધારકાર્ડ બનાવનાર એજન્સીના કર્મચારીઓ સિનિયર સિટીજનોને બહાના કાઢી પરત મોકલી દે છે તેવી ફરિયાદ ઉઠવા પામી છે.

ગાંધીનગર શહેર વસાહત મહામંડળે જણાવ્યુ છે કે, સરકાર દ્વારા આધારકાર્ડ માટેની પ્રક્રિયા પુરજોશમાં ચલાવવામાં આવી રહી છે. દેશનો એક પણ નાગરિક પોતાના આધારથી વંચિત ન રહે તે માટે કટિબદ્ધ બની છે. આધારકાર્ડ વિના સરકારી સહાય પણ મળશે નહિ. તેમજ સરકારી કચેરીઓ સહિત ઓળખાણ માટે આધારકાર્ડ ઉપયોગી સાબિત થઈ શકવાનુ નથી.

ગાંધીનગરના વરિષ્ઠ નાગરિકોને આધારકાર્ડ મેળવવા માટે ફાફા પડી રહ્યા છે. મહામંડળે જણાવ્યુ છે કે જે એજન્સીનો આધારકાર્ડનું કામ સોંપવામાં આવ્યુ છે તે એજન્સી આધાર વગરના વાંધાઓ કાઢી વડીલોને પરેશાન કરી રહી છે. કલાકો સુધી સિનિયર સિટીજનો લાઈનમાં ઉભા રહે છે અને નંબર આવ્યા બાદ તમારા આંગળાની છાપ મળતી નથી તેવા બહાના બતાવી પરત મોકલી દેવામાં આવે છે.

ઉંમર વધવાની સાથે સાથે શરીરમાં પણ કમજોરી પેદા થાય છે અને શરીરના અંગો ઢીલા પડે છે. પરંતુ એનો મતલબ એવો તો નથી જ કે પ્રિન્ટ ન આવે. પાસપોર્ટ કઢાવવા માટે પરફેક્ટ ફિંગર પ્રિન્ટ આવે છે તો આધારકાર્ડ માટે કેમ ન આવે ? તેવો પણ સવાલ કર્યો છે. આ બાબતે મહામંડળના અરૂણ બૂચ અને મયુર વ્યાસે કલેક્ટર રવિશંકરને પત્ર લખી રજૂઆત પણ કરી છે અને વરિષ્ઠ નાગરિકોની સમસ્યાઓનું ઝડપથી નિરાકરણ લાવવાની વાત રજૂ કરી છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

નહેરૂ યુવા કેન્દ્ર ગાંધીનગર દ્વારા તા. ૨૦ મે ના રોજ સમિતિ ખંડ જિલ્લા સેવા સદન ખાતે યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય ભારત સરકાર પ્રેરિત પુર્નજાગરણ કાર્યક્રમ, જનજાગૃતિ કાર્યક્રમના આયોજન અંગેની તૈયારી અર્થે એક મીટીંગ યોજવામાં આવી હતી. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ હિનાબેન પટેલ, નહેરૂ યુવા કેન્દ્રના ડે. ડાયરેક્ટર રાજપુરોહિતજી, નહેરૂ યુવા કેન્દ્રના સંયોજક રજનીકાંત સુથાર, ડે. મેયર કાર્તિક પટેલ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી થગાણી, અધિક કલેક્ટર રાણા ઉપસ્થિત રહ્યા હતા. માહિતી ખાતાના અધિકારી પ્રજ્ઞાબેન પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

# નગરજનો ધગધગતી ગરમીમાં અમૃત સમાન ઠંડી છાશથી તૃપ્ત બની રહ્યા છે

**પાચનતંત્રના અનેક રોગોમાં છાસ ગુણકારી હોવાથી તેને આંતરડાનું ઉત્તમ ટોનીક કહેવાયું છે**

ગાંધીનગર, તા. ૨૦

નગરજનોને કાળઝાળ ગરમીમાં ભોજન પ્રત્યે અરૂચિ પેદા થઈ છે પરંતુ છાસ આ અરૂચિને રૂચિમાં તબદીલ કરી ભોજનમાં સ્વાદ પેદા કરી રહી છે. નગરજનો હાલ અગનગોળા વરસાવતી ગરમીમાં ઠંડી છાસને ઉપયોગ વધુ કરી રહ્યા છે. પૃથ્વી લોકમાં છાશ




(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

અમૃત સમાન ઔષધ મનાય છે. આયુર્વેદ કહે છે કે છાશ શરીરમાં રહેલાં ઝેરી તત્વોને બહાર નીકાળી દે છે. અને તેમાંય ગાયના દૂધથી બનેલી છાસ સૌથી વધારે સારી માનવામાં આવે છે. નગરમાં પેકીંગમાં મળતી છાસની માંગમાં જબરદસ્ત ઉછાળો નોંધાયો છે તો ઘરગથ્થુ પણ છાસનો વપરાશ વધ્યો છે.

રાજ્યભરમાંથી સૌથી વધુ અંગ દઝાડતી ગરમીનો અનુભવ નગરજનોએ તાજેતરમાં કર્યો છે. સમગ્ર વાતાવરણ ગરમ ગરમ બની ગયું છે. જેમાં નગરજનો શરીરમાં બાહ્ય અને આંતરિક ઠંડક મેળવવાના તનતોડ પ્રયાસ કરી રહ્યા છે. જેમાં શરીરની આંતરિક ઠંડક મેળવવા છાસનો આશરો શોધી લીધો છે જે ઉત્તમ પુરવાર થઈ રહ્યો છે. નગરમાં આવેલી ડેરી તથા અન્ય ડેરી દ્વારા ઠંડી છાસનું વેચાણ ઠેર ઠેર થઈ રહ્યુ છે જેમાં છેલ્લા દસ દિવસમાં છાસની માંગમા જબરજસ્ત વધારો થયો છે. આ અંગે નગરમાં આવેલી મધર ડેરીના માર્કેટીંગ વિભાગ સંભાળતા પ્રવિણસિંહે જણાવ્યું હતું કે છાસની માંગમા બમણો વધારો થયો છે. જેમાં હાલ લગ્નગાળો ચાલી રહ્યો છે તે પણ મહત્વનો ભાગ ભજવી રહ્યો છે.

છાસના ગુણધર્મો માટે કહેવાય છે કે પાચનતંત્રના અનેક રોગોમાં છાસ ગુણકારી હોવાથી તેને આંતરડાનું ઉત્તમ ટોનીક મનાય છે. શીતકાળ, અગ્નીની મંદતા, વાયુના રોગો, આહાર પર આરૂચી, નાડીઅવરોધ, વગેરે સ્થિતિમાં છાસ અમૃત સમાન છે. છાસના સેવનથી વીષવમન, જીવ ચુંથાવો, મોળઆવવી, વીષમજવર, પાંડુરોગ, સંગ્રહણી, શ્વસા, પ્રમેહ, મુત્ર કૃચ્છ, ભગંદર, ગોળો, અતીશાર, શુળ, અરૂચી, સફેદ કોઢ, તરસ અને કૃમી વગેરે વ્યાધી રોગમાં છાસથી ફાયદો થાય છે. પૃથ્વી લોકમાં અમૃત સમાન આ છાસ હલકી, અત્યંત સુપાચ્ય, શિતળ, પીત્તશામક છે. જો તાજી છાસમાં થોડુ મીઠુ નાખીને સેવન કરવામાં આવે તો તે જઠરાગ્નીને એકદમ પ્રદીપ્ત કરે છે. અને પીત્તને શાંત કરી પોષણ આપે છે. આમ અનેક ફાયદો કરાવતી છાસ નગરજનો હાલ ધગધગતી ગરમીમાં ઉપયોગ કરી રહ્યા છે. ઠંડી છાસ થકી નગરજનોમાં તૃપ્તતાનો અનુભવ થઈ રહ્યા છે. છાસ એ પસંદગીનું પીણું બન્યુ છે.

# સરગાસણમાં રહેતા યુવાનનો ઝેરી દવા ગટગટાવી આપઘાત

**બે દિવસ સુધી યુવાન હોસ્પિટલમાં મોત સામે ઝઝુમ્યો**

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર નજીક સરગાસણ ગામમાં રહેતાં ૩૩ વર્ષીય યુવાને બે દિવસ અગાઉ પોતાના ઘરે જ કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા ગટગટાવી લીધી હતી. તાત્કાલિક ૧૦૮ મારફતે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાયેલા યુવાનને ગંભીર હાલત હોવાથી અમદાવાદ ટ્રાન્સફર કરાયો હતો. જ્યાં ગઈ મોડી સાંજે યુવાને દમ તોડયો હતો. ઈન્ફોસીટી પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી ગુનાની ઉંડી તપાસ શરુ કરી છે.

સરગાસણ ગામમાં રહેતા ૩૩ વર્ષીય ટીનાજી ગાભાજી ઠાકોરે ૧૭ તારીખે મોડી સાંજે પોતાના ઘરે જ કઈ કારણોસર ઝેરી દવા પી લીધી હતી. તેને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાયો હતો જો કે તેની હાલત ગંભીર જણાતા અમદાવાદ સિવિલ હોસ્પિટલ ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો. ટીનાજીએ હોસ્પિટલમાં બે દિવસ સુધી જીવન-મરણ વચ્ચે ઝોલા ખાયા અને બે દિવસ મોત સામે ઝઝુમ્યા બાદ તેનું હોસ્પિટલમાં જ ગઈ મોડી સાંજે પ્રાણ પંખેરૂ ઉડી ગયું હતું. ઈન્ફોસીટી પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી પીએસઆઈ એમ.આર. પટેલે વધુ તપાસ હાથ ધરી છે.

# ડોક્ટર હાઉસ પ્લોટ માટેની હરાજી સામે સે. ૨૩ પંચવટી સોસાયટીના રહીશોનો ઉગ્ર વિરોધ

**જિલ્લા કલેકટરને સીપીસી ૮૦ મુજબ નોટીસ પાઠવી : ઉપવાસ આંદોલન કરવાની તૈયારીઓ સાથે રાજકીય દબાણનો પણ ઉપયોગ : ઉકેલ ના આવે તો કોર્ટ રાહે લડી લેવાની તૈયારીઓ હાથ ધરી**

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરના સેકટર-૨૩ પંચવટી સોસાયટીની પૂર્વ દિશાએ ત્રણ પ્લોટ નં. ૭૪૩, ૭૪૪ અને ૭૪૫ની જાહેર હરાજીનું કલેકટર દ્વારા જાહેરનામુ બહાર પડાયું છે. જેનો સોસાયટીના જ રહીશો દ્વારા સખત વિરોધ નોંધાવાયો છે. વિરોધના પગલે સોસાયટી દ્વારા જિલ્લા કલેકટરને વકીલ મારફતે સીપીસી ૮૦ મુજબ કાનૂની નોટીસ પાઠવવામાં આવી છે અને કોર્ટ રાહે લડત આપવાની સંપૂર્ણ તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. બીજી તરફ સોસાયટીના રહીશોએ આંદોલન તેમજ રાજકીય દબાણ દ્વારા પણ હરાજી પ્રકીયાને અટકાવવાના પ્રયત્નો અમલમાં મુકયા છે.

અગાઉ બે વર્ષ પહેલા પણ ડોકટર હાઉસ માટેના આ ત્રણ પ્લોટની હરાજી પ્રકીયા હાથ ધરાઈ હતી પરંતુ તે સમયે પણ સોસાયટીના રહીશોએ મ્યુનિસિપલ કાઉન્સિલર પ્રકાશ પટેલ અને ધારાસભ્ય અશોક પટેલને સાથે રાખીને રજૂઆતો કરી હતી જેના પરિણામે હરાજી મોકુફ રાખવામાં આવી હતી. સોસાયટીના રહીશોન મતે આ પ્લોટોની નજીકમાં જ કડી સર્વ વિદ્યાલય અને ગુરુકુળ જેવા શૈક્ષણિક સંકુલો આવેલા હોવાથી આશરે ૫૦ હજાર જેટલા બાળકોના સ્વાસ્થ્યને પણ અસર પહોંચી શકે તેમ છે.

સે-૨૩માંથી સત્તાધારી પક્ષને મોટા પ્રમાણમાં મત મળ્યા હોવાના દાવા સાથે ભવિષ્યમાં બહિષ્કાર સુધીની તૈયારીઓ રહીશોએ દાખવી છે. સાનુકુળ પરિણામો ના આવે તો ઉપવાસ આંદોલન કરવાની તૈયારી દર્શાવતા કોર્ટમાંથી સ્ટે મેળવવાની પણ પ્રક્રિયાને વેગ અપાયો હોવાની જાણકારી મળવા પામી છે. અગાઉની રજૂઆતોમાં સોસાયટીના રહીશોએ ડોકટર હાઉસને 'ઘ' રોડ તરફના પ્લોટો સાથે અદલાબદલી કરી પેટ્રોલ પંપ નજીક ફાળવણી કરવા અને કોમર્શિયલ વિસ્તાર અલગ પડવાની સાથે હાલના ડોકટર હાઉસના સ્થળને રેસિડેન્સ ઝોનમાં ફેરવવા દાદ માંગી હતી.

જિલ્લા કલેકટર દ્વારા જાહેરનામુ પ્રસિદ્ધ કરીને હાથ ધરાયેલ હરાજી પ્રક્રિયા અટકાવવા તા. ૧૯મી મે ના રોજ મ્યુનિસિપલ કાઉન્સિલર પ્રકાશ પટેલ ને ધારાસભ્ય અશોક પટેલ દ્વારા ફરી માર્ગ અને મકાન મંત્રીને રૂબરૂ મળી રજૂઆત કરી હતી પરંતુ જાહેર હિતને અવગણીને અધિકારીઓના વલણ તેમજ નિર્ણયમાં ફેરબદલ કરવાની સરકારની તૈયારી ન હોવાનું જણાતા રહીશો લડી લેવાના મુડમાં આવી ગયા છે.

# ઈન્ફોસિટી ક્લબ એન્ડ રિસોર્ટ ખાતે ગ્રાન્ડ હાઉસી રમત યોજાશે

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરમાં સ્થિત ઈન્ફોસિટી ક્લબ એન્ડ રિસોર્ટ ખાતે ગ્રાન્ડ હાઉસી રમતનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી ૧૪ જૂન રવિવારે મોજ-મસ્તી અને આનંદ સાથે રમત યોજવામાં આવશે.

ગાંધીનગર ઘ-૦ વિસ્તારમાં આવેલી ઈન્ફોસિટી ક્લબ એન્ડ રિસોર્ટ દ્વારા અનેક સાંસ્કૃતિક અને પારિવારીક રમતોનું આયોજન કરવામાં આવે છે. ક્લબ દ્વારા યુવક-યુવતિઓ, ભુલકાઓ અને મોટેરાઓ માટે ખાસ વિવિધ રમતોનું આયોજન કરવામાં આવે છે.

આગામી ૧૪ જૂન, રવિવારે ઈન્ફોસિટી ક્લબ એન્ડ રિસોર્ટ ખાતે ગ્રાન્ડ હાઉસી રમત યોજાશે. આ રમતમાં જોડાવા ઈચ્છુકોએ ૯૯૭૯૭૮૯૩૭૭ અને ૯૯૦૯૯૦૬૩૭૨ પર સંપર્ક કરવા જણાવ્યુ છે. ક્લબના મેમ્બરોને ડીસ્કાઉન્ટ આપવામાં આવશે. તેમજ ક્લબની મેમ્બરશીપ મેળવવા પણ જણાવ્યુ છે.